### સ્વ૦ ગિજુભાઈનાં

## અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું (શીખવનાર માટેનું) [redacted]

(ભણનાર માટેની ચોપડીઓ)

ચાલો વાંચીએ .... .... .... ...[redacted]

આગળ વાંચો પહેલી .... .... ...[redacted]

આગળ વાંચો બીજી .... .... ...[redacted]

આગળ વાંચો ત્રીજી .... .... ...[redacted]

—: મળવાનાં સ્થળો :—

**શ્રી. નરેન્દ્ર ગિજુભાઈ બધેકા,**
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર • તખ્તેશ્વર પ્લોટ,
**ભાવનગર**

**આર. આર. શેઠની કંપની : : બુકસેલર્સ**
**પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨**

**સંસ્કાર સાહિત્ય મંદિર,**
પો. બો. નં. ૩૪; **ભાવનગર**

અક્ષરજ્ઞાન યોજના

# આગળ વાંચો

### ત્રીજી ચોપડી

કિંમત [redacted]
**દોઢ રૂપિયો**

લેખક : ગિજુભાઈ

અક્ષરજ્ઞાન યોજના

# આગળ વાંચો

ત્રીજી ચોપડી

ગિજુભાઈ

卐

[redacted]

૧૯૫૫ જાન્યુઆરી

: પ્રકાશક :
નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
**ભાવનગર** (સૌરાષ્ટ્ર)

પહેલી વાર : નવેમ્બર ૧૯૩૦
પાંચમી વાર ડિસેમ્બર ૧૯૫૫ : ૨૨૫૦ નકલ
**કુલ ૬૦,૯૫૦ નકલો**

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ
**સોનગઢ** (સૌરાષ્ટ્ર)

# આગળ વાંચો

ત્રીજી ચોપડી

## ગાય અમારું ધન છે.

ગાય અમારું ધન છે.
ગાય અમારી લખમી છે.
અમારી એટલે ખેડૂતની.
ગાય અમને દૂધ દે.
ગાય અમને છાણ દે.
ગાય અમને વાછડાં દે.
દૂધને છોકરાં પી જાય.
વધ્યા દૂધનું દહીં થાય.
દહીં ભાંગીને છાશ થાય.
છાશ ઉપર માખણ તરે.
માખણમાંથી ઘી નીકળે.
છાણનું અમે ખાતર કરીએ.

ખાતર અમે ખેતરે પૂરીએ.
ખેતર અમારું રૂડું થાય.
વાવ્યું અમારું બમણું થાય.
વાછડીમાંથી ગાયો થાય.
વાછડામાંથી બળદ થાય.
બળદ અમારું ખેતર ખેડે.
બળદ અમારું ગાડું હાંકે.
ગાય અમારું ધન છે.
ગાય અમારી લખમી છે.

★

## તુલસીકચારો

આ મારા ફળિયાનો તુલસીનો છોડ જુઓ ને મારા કાકાના ફળિયાનો છોડ જુઓ.

મારો છોડ લીલોછમ છે.

છોડ લીલો છે એટલે કેટલો બધો ગમે એવો છે!

એનાં પાંદડાં ચોખ્ખાં ચોખ્ખાં છે.

એના ઉપર એકે ય જીવડું નથી.

પાસે જઈએ છીએ કે તરત જ તુલસીની વાસ આવે છે.



મારો તુલસીનો છોડ આંગણાની શોભા છે.

પણ મારા કાકાના ફળિયાનો છોડ બહુ ભૂખરો દેખાય છે.

જોતાં જ એના ભણી આંખ નથી ખેંચાતી.

પાંદડાં ઉપર એટલી બધી ધૂળ જામેલી છે.

એના ઉપર ઝીણાં ઝીણાં જીવડાં બેઠેલાં છે.

પાંદડું ચોળીને સૂંઘીએ ત્યારે માંડ માંડ વાસ આવે છે.

કારણ તો એમ છે કે હું રોજ મારા છોડને ઝારીથી છંટકારું છું, ને મારા કાકાને ત્યાં કોઈ છંટકારતું નથી.

છંટકારવાથી ઝાડ ખીલે છે; રાજી થઈ જાણે કે હસે છે.

છંટકારવાથી ઝાડની ધૂળ જતી રહે છે ને લીલું દેખાય છે.

છંટકારવાથી ઝાડની જીવાત મરી જાય છે અથવા ઊડી જાય છે.

સારો માળી પોતાના બાગનાં ઝાડોને રોજ ને રોજ છંટકારે છે.

ત્યારે એનો બાગ આપણને ગમી જાય છે.

# ગાડાંનું છેટું

[ ૧ ]

જુઓ એક આ ઘર અને એક પેલું ઘર. છે બન્નેમાં ગાડાંનું છેટું?

આ ઘરની ગાર ઊખડી ગઈ છે; જ્યાં ને ત્યાં પોડાં પડ્યાં છે.

આ ઘરનો ધોળ તો કાળો મેશ જેવો થઈ ગયો છે.

આ ઘરનું ફળિયું જુઓ. જ્યાં ત્યાં ખાડા પડ્યા છે કે?

આ ઘરની ભીંતો જુઓ. જ્યાં ત્યાં બાવાં બાઝ્યાં છે?

હવે આ ઘરમાં ઊંચે છાપરા સામે જુઓ. છે બાવાં ને ધૂળ ને કચરો?

હવે આ ઘરના ઊમરા જુઓ. છે ધૂળનાં પડ ચડી ગયેલાં?

આ ઘરના ચાકળા અને ચંદરવા જુઓ. છે હીર બધું ઝાંખું ઝાંખું થઈ ગયેલું? એનાં આભલાં પણ સૂઝતાં નથી.



[ ૨ ]

હવે આ બીજું ઘર જુઓ.

કેટલું બધું ઊજળું છે!

છે ક્યાંઈ ગાર ઊખડી-ગયેલી? એક પોડું યે નથી પડ્યું.

છે ધોળ-જાણે કાલે જ કરેલો? છેટેથી ઘર નજરે પડે છે.

છે ફળિયું ચોખ્ખું ચણક? ન મળે ક્યાંઈ છાણાં થાપેલાં; ન મળે ગૂમૂતર પડેલાં; ન મળે ક્યાંઈ વાસીદું પડેલું.

છે ભીંતો સાફ કાચ જેવી? એકે બાંકું નહિ ભાળો.

છાપરું પણ ચોખ્ખું જ દેખાય છે ના?

ઊમરા ધોયેલા ને ચોખ્ખા અબરખ જેવા છે ના?

ત્યારે આનું કારણ શું?

કારણ એમ છે કે એક ઘરની ધણિયાણી આળસુ છે, ને બીજા ઘરની ધણિયાણી કામઢી છે.

★

# માધા પટેલની કોઢ

આ માધા પટેલની કોઢ છે.

એની ગમાણુ ગારાની છે.

ગારાની ગમાણુ વારેવારે ભાંગી જાય છે.

કડબ અને ઘાસમાં ધૂળ પડે છે.

કોઢમાં હેઠે એકલી ધૂળ છે.

ધૂળમાં કેટલા બધા જૂઆ છે?

જૂઆ ધૂળને લઈને થાય છે.

જૂઆ પટેલના બળદને પગે વળગે છે.

બળદ બિચારા પગ પછાડી કાયર થાય છે.

જૂઆ એવા તો ચોટે છે કે ઊખડે જ નહિ.

જૂઆ નાહકનું લોહી પીએ છે.

બળદ છાણુ કરે, મૂતર કરે; છાણુ ને મૂતર ધૂળમાં ભળે છે. ચારેકોર ગંદુ થાય છે ને વળી ગંધાય છે.

બળદના પગ બગડે છે.

બેસે ત્યારે પેટ બગડે છે.

માધા પટેલની કોઢમાં બળદ દુઃખી છે.

★



# અમારી કોઢ

આ અમારી કોઢ છે.

અહીં અમે ઢોર બાંધીએ છીએ.

અહીં અમારી ગમાણુ છે.

ગમાણુ પથ્થરે બાંધી છે.

પથ્થરે બાંધેલી ગમાણુમાં ધૂળ ખરતી નથી.

ઘાસ, કડબ, વગેરે સાફ રહે છે.

કોઢને પણુ પથ્થરે જડી છે.

એથી અહીં જૂઆ નથી.

એથી અહીં ગંદકી નથી.

છાણુમૂતરને ધોઈ નખાય છે.

પાણી ઢોળવાથી આખી કોઢ ધોવાઈ જાય છે.

જૂઆ ઢોરના પગને વળગતા નથી.

ચટકા દઈ કનડતા નથી.

નકામું લોહી પીતા નથી.

અમારી કોઢમાં બળદ સુખી છે.

★

# બે ઘર

[૧]

આ જીવાભાઈનું ઘર જુઓ.
આ વાલીબાઈનું ફળિયું જુઓ.
કેવું મજાનું ફળિયું છે!
વાળીચોળીને ચોખ્ખુંચણુક કર્યું છે.
ક્યાંઈ કાગળિયાં ને કૂચા ઊડતા નથી.
જ્યાં ત્યાં છોકરાં ઝાડે બેઠેલાં નથી.
પેલા ખૂણામાં ડબ્બો રાખ્યો છે.
ત્યાં બધો કચરો નખાય છે.

ડબ્બો ભરાઈ જાય છે ત્યારે કચરાને બાળી નાખે છે.

બે પણે ઈંટો ગોઠવી છોકરાંને હંગવાના ચૂલા કર્યા છે.

પોતીભાભી રોજ ને રોજ વાળી નાખી મેલું ડબ્બે નાખી આવે છે.

પણે નાનો એવો ચોતરો છે. પાસે તુલસીનો ક્યારો છે ને પડખે બે દેવ છે.

પણે વંડા પાસે ખૂણામાં છાણાંલાકડાં



ગોઠવીને ખડક્યાં છે.

જીવાભાઈનું ફળિયું મજાનું લાગે છે.
બે ઘડી બેસવાનું મન થાય એવું છે.
પોતીભાભી ને જીવોભાઈ બેઉને ચોખ્ખાઈ બહુ ગમે છે.

[૨]

હવે આ હીરાભાઈનું ઘર જુઓ.
મણિબેનનું આ ફળિયું જુઓ.
છે ફળિયામાં કશું ઠેકાણું?
સાવરણો ફેરવ્યો છે પણ એવો સરખો.
છોકરાં હંગે છે તે જ્યાં ગમે ત્યાં.
છજામાંથી ખરખર ધૂળ ખર્યા જ કરે છે.

ઘરનો કાગળકચરો વાળીને ઘડીક અહીં નાખ્યો તો ઘડીક બીજે ઠેકાણે નાખ્યો છે.

પણે દાતણની ચીરો પડી છે.

પણે ગગુમાએ ભાંગ ઘસીને મોં ધોયું છે ને બળખા કાઢ્યા છે, તે કાગડા ચૂંથે છે.

ને પણે બે કૂતરા એક સડેલ જોડા માટે ખેંચાખેંચી કરે છે.

આ નંદુએ રાંધવા માટે જે છાણાં લીધાં

તેમાંથી બે તો રસ્તામાં પડી ગયાં; ત્રણ દિવસ સુધી એ ત્યાંનાં ત્યાં જ રહેશે.

આ જુઓ, જ્યાં ત્યાં મૂતરના રેલા ! ઘરની સામે જ માણસ મૂતરે છે.

આવા ઘરે જવું કોને ગમે?

★

## સૂવાના ઓરડા

[ ૧ ]

સૂવાનો આ ઓરડો જુઓ.

મજાનો પવન ફરફર ચાલ્યો આવે છે.

ઓરડાને બે નાની નાની બારી છે.

બારીમાંથી પવન આવ્યા જ કરે છે.

બારી પૂરેપૂરી ઉઘાડી છે.

આ જુઓ, બે નાનાં બાળકો સૂતાં છે. કેવાં ઘસઘસાટ ઊંઘે છે?

જરા યે ઘામ થતો નથી.

જરા યે અકળામણ થતી નથી.

શરીર ટાઢાં મજાનાં છે.



ઓરડામાં પવન ફરફર આવે છે.

ઓરડો આખો હળવો લાગે છે.

ઓરડો આખો ખુલ્લો લાગે છે.

આવા ઓરડામાં સૂવું કેટલું બધું મજાનું !

[ ૨ ]

હવે સૂવાનો આ ઓરડો જુઓ.

એમાં એક પણ બારી નથી.

એમાં એક પણ જાળિયું નથી.

પવન નામે એમાં આવતો નથી.

જુઓ, આ નાનાં બાળકો સૂતાં છે.

કેવાં એ અકળાય છે?

ડિલે આખે ઘામ થયો છે.

કેવાં એ તરફડે છે?

ઓરડામાં પવન આવતો નથી.

ઓરડો આખો ભારે છે.

ઓરડો આખો ભર્યો લાગે છે.

આવા ઓરડામાં સૂવું કેટલું બધું ખરાબ?

★

# વાણિયે વાણિયે પણ ફેર છે.

[૧]

આ પણ વાણિયાની દુકાન અને પેલી પણ વાણિયાની દુકાન.

ખીમો વાણિયો એવો માલ રાખશે કે ગામનો ઉતાર!

ખીમો શહેરમાં ન ચાલે ને ફેંકી દે એવો માલ ખરીદે છે, કેમકે એ એને સોંઘો પડે છે.

બાકસ તો એવાં રાખે કે દસ દીવાસળી બગડે ત્યારે એક સળગે.

સોપારી તો મહારાજની પૂજામાં આવેલાં ને પાઈનાં પાંચ લેખે લીધેલાં.

ઘાસલેટ તો કે' દીવામાંથી એકલો ધુમાડો જ નીકળે.

માલ બધો ખરાબ રાખે અને વેચે ત્યારે બજારભાવે.

વખતે બીજી દુકાને માલ ન હોય ત્યારે સવાયા ને દોઢા કરે.

ભાઈ! એની વાત ન કરો. જેમતેમ કરીને કમાવું; બસ એક જ વાત!



[૨]

આ હરિચંદની દુકાન જુઓ.

છે એના હાટમાં નવો ને તાજો માલ?

બજારભાવે વેચવું ને વાજબી રળવું. પછી શા માટે હલકો માલ રાખે?

આ મરચાં તો કે લાલચોળ વેચે છે. તજ તો કે તીખો ભડકો. વઘારણી તો કે એવી તેજ કે વાત કરો મા! દાણોદૂણી બધું સારું. એકે ધનેડું કે મટકું ન મળે. હરિચંદનો એક જ ભાવ. ગામમાં માલ ખૂટ્યો હોય કે ન ખૂટ્યો હોય, એનો ભાવ ન ફરે.

હરિચંદ એક જ ભાવ બોલે: બોલ્યો ન ફરે. "લાવ ત્યારે, બે પાઈ તો બે પાઈ." એમ પેલો વાણિયો કહે; હરિચંદ પૈસો બોલે તો પૈસો જ લે, ને પાઈ બોલે તો પાઈ જ લે.

હરિચંદનું એક બીજું ય સુખ. આટલું ચાબખા જેટલું છોકરું જાય પણ છેતરવું હરામ! એ કામ પેલા બીજા હાટવાળાનું. કંઈક ગોટાળા કરે; માલ ખરાબ આપે, ઓછું તોળે, પાઈ પૈસો પાછો આપવાનો હોય તો તે ઘાસેલો આપે. અને

ઉપર તો આપે જ શાનો ! એકે છોકરું એને હાટે ન જાય. હરિચંદને હાટે હોંશ કરીને છોકરું જાય.

છે ને બેઉ વાણિયાના જણ્યા, પણ લાખ ગાડાંનું છેટું !

★

## અમારા ગામનો એવો બંધો છે.

કોઈને ઘરે ડાક્લાં બેસારાય નહિ.
મૂઆ પાછળ જમણુ થાય નહિ.
ખાખીની જમાતને ખવરાવાય નહિ.
ત્રાગાવાળાને પાઈ દેવાય નહિ.
કારણ વિના ઝાડનું પાંદડું તોડાય નહિ.
દિવસે ચોરે બેસાય નહિ.
કોઈથી અફીણ ખવાય નહિ.
કોઈથી દારૂ પિવાય નહિ.
કોઈનું ઢોર રઝળે નહિ.
મેલડીને ઘેટાં ચડાવાય નહિ.
ઢેઢને ગાળો દેવાય નહિ.

★



## એ કાંઈ ઠીક કહેવાય ?

જે તળાવમાંથી પાણી પીવું એમાં જ ભેંશો પડે, એ કાંઈ ઠીક કહેવાય ?

જે તળાવમાંથી પાણી પીવું એમાં જ બાઈઓ જૂવાળે માથે નહાય, એ તે કાંઈ ઠીક કહેવાય ?

જે તળાવમાંથી પાણી પીવું એમાં જ લોકો ઘોડા ધમારે, એ કાંઈ ઠીક કહેવાય ?

જે તળાવમાંથી પાણી પીવું એમાં જ લોકો કપડાં ધુએ, એ કાંઈ ઠીક કહેવાય ?

જે તળાવમાંથી પાણી પીવું એમાં જ લોકો બેઢાં ઊટકે, એ કાંઈ ઠીક કહેવાય ?

બધો મેલ પાણીમાં જાય; તળાવનું પાણી ગંદું થાય. એ ગંદકી માણસના પીવામાં આવે. પછી માણસને જાતજાતના રોગો થાય.

કહો ત્યારે, આનો ઉપાય શો કરવો ?

★

## બે ગામડાના ચોરા

ઝમરાળાનો ચોરો તો કે પડીને પાધર થઈ ગયેલો.

તરશમિયાનો ચોરો તો કે જાણે ગઈ કાલે જ ચણાવેલો.

ઝમરાળાનો ચોરો ગાર વિનાનો, ગોરમટી વિનાનો.

તરશમિયાનો ચોરો ગાર કરેલો, ગોરમટી કરેલો.

ઝમરાળાનો ચોરો એટલે આળસુનું ઠેકાણું.

તરશમિયાનો ચોરો એટલે અક્ષરજ્ઞાનની નિશાળ.

ઝમરાળાને ચોરે લોકો ભેગા થાય ને બીડી તાણે.

તરશમિયાને ચોરે લોકો ભેળા થાય અને ભણવા બેસે.

ઝમરાળાને ચોરે રાતે ગંજીપે રમાય, કે સોગઠાબાજી રમાય.



તરશમિયાને ચોરે રાતે ભજન ગવાય અને કીર્તન થાય.

ઝમરાળાને ચોરે ખાખી ઊતરે ને ગાંજો પીએ.

તરશમિયાને ચોરે સ્વયંસેવક ઊતરે અને કાંતતાં શીખવે.

ઝમરાળાને ચોરે દિવસ આખો ખોદણી થાય ને કસૂંબા ઘૂંટાય.

તરશમિયાને ચોરે દિવસે કોઈ દેખાય નહિ; બધા સીમમાં હોય.

ઝમરાળાને ચોરે ગામ આખાની નિંદા થાય.

તરશમિયાને ચોરે ગામનું પંચ ભેગું થઈ કજિયો પતાવે.

ઝમરાળાના લોકો એટલે અફીણિયાઓનો અખાડો.

તરશમિયાનો ચોરો એટલે જ્ઞાનનું પરબ.

ગામે ગામે ફેર છે, ને ચોરે ચોરે પણ ફેર છે. જેવી વસ્તી એવું ગામ, ને જેવું ગામ એવો એનો ચોરો.

★

# ગામનું તળાવ

પેલું તળાવ કેવું સુંદર દેખાય છે! જો પેલાં નાનાં કાળાં બતકાં કેવાં તરે છે! તળાવનું પાણી કેવું લહેરો લે છે! પાણી છે પણ ઘણું બધું. ભાળું, ગામના લોકો નસીબદાર લાગે છે. પાદરમાં જ આવડું મોટું તળાવ!

વાતો કરતા ને તળાવને વખાણતા વખાણતા બે ભાઈબંધો નજીક આવ્યા. ધીમે ધીમે તળાવને જોતા જોતા ચારે પાળે ફરવા લાગ્યા. પહેલી જ પાળે એક બાઈ ને લૂગડાં ધોતી દીઠી. લૂગડાં મેલાં તો હતાં પણ વળી કોરે બેઠાનાં હતાં. મેલ ને બેલ બધું ય તળાવમાં જતું હતું; પાણી પીવાના તળાવમાં જ બધું જતું હતું.

જરાક આઘેરાક ચાલ્યા ત્યાં એક કોળી બે કપડાં ધોતો હતો.

"અરે ભાઈ! આ પાટા ને એવું બધું શું ધુઓ છો?"

"અરે, એ તો માધા શેઠનું ગૂમડું ફૂટયું છે તે પાસ ને પરુ એવાવાળું ધોતિયું થયું તે



ધોવા દીધું છે."

"તે પાસપરુ તળાવમાં નહિ જાય?"

"તળાવમાં નહિ તો બીજે ક્યાં જાય?"

"આ તળાવમાંથી પાણી પીઓ છો?"

"પાણી તળાવમાંથી ન પીએ તો બીજે ક્યાંથી પીએ?"

બંને ભાઈબંધો આગળ ચાલ્યા. જરાક છેટે એક વાળંદ એનો રૂમાલ ધોતો હતો.

ભાઈબંધે પૂછ્યું: "એલા આમાં રૂમાલ ધુએ છે તે હજામતનો મેલ અને જૂઓ અને એવું પાણીમાં નહિ જાય?"

હજામે જવાબ દીધો: "ત્યારે બીજે ક્યાં જાય? તળાવ હોય તો એમાં જાય, ને નદી હોય તો એમાં જાય. ક્યાંઈક લૂગડું તો ધોવું જુવે ના?"

દૂરથી રળિયામણું દેખાતું તળાવ અત્યારે ભાઈબંધોને ખરાબ લાગવા માંડયું.

થોડેક દૂર ગયા ત્યાં એક બાઈ માથે નહાતી હતી. માથામાં ભૂતડો નાખ્યો હતો, અને જાણે કે પાંચપચીશ વરસની જૂઓ અને

મેલ ઢસડતી હતી.

મનમાં શરમાઈને બાઈ પાસેથી દોસ્તદારો આગળ વધ્યા.

ફરતા ફરતા બીજી પાળે આવ્યા. ત્યાં ગોવાળો ભેંશો ચરાવતા હતા. કેટલીક ભેંશો તળાવમાં પડી હતી અને તડકો ખાતી હતી; કેટલીક આમતેમ આળોટીને તળાવનું પાણી ડહોળતી હતી.

ભાઈબંધોએ પૂછ્યું : "અલ્યા એ ગોવાળિયાઓ ! આ તળાવમાં ભેંશો તે નખાતી હશે ? આ તો પીવાનું તળાવ છે ને ? જુઓ, ભેંશો પાણીમાં પોદળા કરે છે ને મૂતરે છે. પાણી નહિ બગડતું હોય ?"

ગોવાળે તોછડાઈથી જવાબ આપ્યો : "હવે બગડયાં ઈ તો. ભેંશો તો અહીં પડી છે ને પાણી ભરવાનું ઓલે કાંઠે છે; એમ ક્યાં બગડતું'તું ? એમ જો પાણી બગડતાં'તાં !"

ગોવાળ બબડતો રહ્યો અને ભાઈબંધો આગળ ચાલ્યા.

એક જણ ઘોડાને ધમારતો હતો. ભાઈબંધો



જોઈ રહ્યા ને ચાલ્યા ગયા.

ત્રીજે કાંઠે આવ્યા. કાંઠાથી દસ જ હાથ છેટે એક રાખનો ઢગલો હતો. પાસે જઈ ને જોયું. "અરે, અહીં તો મસાણ બનાવ્યું લાગે છે; કોઈને બાળ્યું લાગે છે !"

ભાઈબંધો તો વિચારમાં જ પડી ગયા હતા. "અરેરે ! તળાવને કાંઠે મસાણ ? પાણી પીવાને કાંઠે જ મસાણ ?"

ત્યાં કોઈ એક માણસ નીકળ્યું.

ભાઈબંધોએ પૂછ્યું : "અરે એ ભાઈ ! આ તો બધું ઠીક નહિ. આ તળાવને કાંઠે જ મસાણ ? આ તો ગજબ કહેવાય !"

"તે ભાઈ ! છેટે રાખવા જઈએ તો પાછું આટલે સુધી હાડકાં નાખવા આવવું પડે ના ! પાછું નહાવા પણ આવવું જ પડે. આ પાસેનું પાસે; તરત નાહી લેવાય."

ભાઈબંધો તો આ જવાબ સાંભળીને સડક જ થઈ ગયા ! પાણી પીવાના તળાવને કાંઠે આવું આવું ? આ ગામના લોકો તે માણસો, કે શું કહેવું ? કેવા હશે ?"

ભાઈબંધો ચાલતા ચાલતા ચોથે કાંઠે ગયા. પનિહારીઓ પાણી ભરતી હતી. બેઢાં ઊટકીને કાચ જેવાં ઝગમગતાં કરીને ગળણે ગળી પાણી ભરતી હતી.

ભાઈબંધે પૂછ્યું: "બાઈઓ, બહેનો! આ પાણી પીવા સારુ ભરો છો?"

"કેમ ભાઈ! પીવા સારુ જ તો. પીવા માટે જ ભરીએ છીએ, ભાઈ!"

"પણ આ પાણી તો બહુ ગંદું છે. પણે ભેંશો છે; પણે માણસો ગંદાં કપડાં ધુએ છે; પણે મસાણ છે; પણે...."

બાઈઓ કહે: "ભાઈ! જળમાં મળ ન હોય. એ તો કે'દુંનું ચાલ્યું આવે છે."

★

## કૂબો સળગ્યો

દોડો, દોડો! ભગા કોળીનો કૂબો સળગ્યો.

દોડો, ભાઈ! દોડો. ઘરમાંથી પાણી લઈને સહુ દોડો.

દોડો દોડો, ધૂળની ધાબળીઓ લઈ દોડો.



દોડો દોડો, લાકડીઓ ને ખરપા લઈને દોડો.

છાંટો મારા બાપા! બેડેબેડે પાણી છાંટો.

નાખો, નાખો મારા બાપા! ધબોધબ ધૂળ નાખો.

પાડો, પાડો મારા બાપા! કડાકડ કૂબા પાડો.

બેડેબેડે પાણી છાંટ્યા કર્યું.

ધાબળીએ ધાબળીએ ધૂળ નાખ્યા કરી.

ડાંગે ડાંગે કૂબો પાડી નાખ્યો.

એક ઘડીકમાં આગ ઓલાઈ ગઈ.

ગામ આખું આવ્યું ત્યાં ભાર છે આગના કે એક ડગલું આગળ વધે?

એક કૂબો બાળ્યો ત્યાં આગના રામરામ બોલાવી દીધા.

પણ ભગા કોળીનું શું થયું?

થાય શું, બીજે દિવસે કૂબો નવો થયો.

કણબીએ ઘરદીઠ ખડનો એક એક પૂળો આપ્યો.

કોળી લાકડાં કાપી આવ્યો ને સુતારે એ જરાક ઘડી આપ્યાં.

કોળીભાઈ આવ્યા ને કૂબા ઊભા કર્યા.

કુંભાર તાવડી ને હાંડલાં દઈ ગયો.

વાણિયાએ બે દિવસનું દળણું આપ્યું.

વાઘરીએ સાવરણી ને ઈંઢોણી આપી.

બ્રાહ્મણે વાસ્તુ લઈ દીધું ને ભગા કોળીએ લોટ બાફીને નવા કૂબામાં વાસ કર્યો.

ગામ આખું સંપીલું ત્યાં આગે શું કરે, ને બાગે શું કરે?

સંપ ત્યાં જંપ!

★

## આગ કોણે લગાડી?

અરેરે! આ જંગલમાં આગ કોણે લગાડી?

ભડભડ આગ બળે છે. અરેરે! નજરેય જોવાતી નથી.

જંગલ આખું સળગી જશે. અરેરે! કેટલાય જીવો મરી જશે; કેટલું બધું ખડ સળગી જશે; કેટલાં બધાં ઝાડો બળી જશે. અરેરે! જંગલમાં આગ કોણે મૂકી હશે?



પક્ષીઓ મરી જશે ને આપણાં આંગણાં ખાલી પડશે.

હરણ, સસલાં, સાબર સળગી જશે ને સીમની શોભા જતી રહેશે.

ખડ બળી જશે ને ઢોરનો ચારો ખપી જશે.

ઝાડ બળી જશે ને કેટલું બધું લાકડું જશે; કેટલો બધો છાંયો જશે; કેટલી બધી લીલોતરી જશે; કેટલી બધી ભીનાશ જશે. ને એ બધું જશે એટલે ગરમી લાગશે, લૂ લાગશે.

અરેરે! જંગલમાં આગ કોણે મૂકી હશે?

જંગલમાં આગ મૂકે તે કેવો કહેવાય?

જંગલમાં સળગતી બીડી ફેંકે એ તે કેવો ગણાય?

જંગલમાં ચૂલો કરીને ઠારે નહિ એ તે કેવો લેખાય?

અરેરે! જંગલ બાળે એણે ઢોરનું પેટ બાળ્યું; ઢોરનું થાનક બાળ્યું; માણસનું ધન બાળ્યું. જંગલને કોઈ બાળશો નહિ, બાળશો નહિ!

★

## લાગે ત્યારે

લાગે ત્યારે ધૂળ ન લગાડો; ધૂળમાં જાતજાતના જંતુ હોય છે.

ધૂળમાં સુકાયેલી લાદ છે; ધૂળમાં સુકાયેલો બળખો છે. ધૂળમાં ક્ષયરોગના જંતુ છે; ધૂળમાં રોગી માણુસનો પેસાબ છે, રોગી માણુસનો ઝાડો છે; ધૂળમાં જાતજાતના જંતુઓ છે.

ધૂળમાં જાતજાતના રોગો છે.

લાગે ત્યારે લાગ્યા ઉપર ધૂળ ન નાખતા.

ધૂળના જંતુ લોહીમાં જાય; લોહીમાં જંતુ ભળી જાય ને નવા નવા રોગો થાય.

એટલા માટે લાગે ત્યારે ધૂળ ન લગાડો.

લાગે ત્યારે ઘાસલેટ રેડજો; લાગે ત્યારે સ્પિરિટ રેડજો; લાગે ત્યારે બેન્ઝોઈન ચોપડજો.

લાગે ત્યારે ધૂળ કદી નાખશો નહિ. નાખશો નહિ, નાખશો નહિ; ધૂળ કદી નાખશો નહિ.

★



## રસ્તા સારા હોય તો ?

રસ્તા સારા હોય તો ધૂળ ન ઊડે; માણુસોનાં લૂગડાં ન બગડે; ગળામાં ને નાકમાં ધૂળ ન જાય; ગળું ન બળે ને પેટ ન બગડે; ધૂળ ગાડામાં ને ગાડીમાં ન પડે.

રસ્તા પાકા હોય તો ગાડાનું પૈડું ઝટઝટ દોડયું જાય. ને પૈડું ઝટ દોડે તો ગાડું વહેલું વહેલું પહોંચે. ગાડું વહેલું પહોંચે તો વખત બચે. વખત બચે તો વધુ કામ થાય.

રસ્તા પાકા હોય તો ગાડાનું પૈડું ઝટ ફરે. પૈડું ઝટઝટ ફરે તો બળદને તાણુ ઓછું પડે. બળદને તાણુ ઓછું પડે તો ગાડું ઝટઝટ ચાલે. નાહકનું તાણુ ઘટે તો બળદને સુખ મળે.

રસ્તા સારા હોય તો આટલું બધું સુખ

★

# મોતિયો ને કાળિયો

જુઓ આ કૂતરો મોતિયો, ને જુઓ આ કૂતરો કાળિયો.

મોતિયો પાળેલો છે; કાળિયો ભટકતો છે.

મોતિયાને ગળે પટ્ટો છે, અને પટ્ટા ઉપર પાળનારનું નામ છે.

કાળિયો કોઈનો નથી ને કોઈનો એને પટ્ટો નથી.

મોતિયો કેટલો બધો ચોખ્ખો છે!

પાળનારો એને રોજ નવરાવે છે. ધૂળમાં કે જ્યાં ત્યાં એને બેસવા દેતો નથી.

કાળિયો કેટલો બધો ગંદો છે! ખાડામાં ને ગટરમાં બેસે છે, ને ધૂળમાં આળોટે છે.

એને માથે માલિક નથી. માલિક કોઈ હોય તો સાચવે ના?

મોતિયાને કાને ગીંગોડા નથી; એને પગે ઈતડી નથી.

કાળિયાનો કાન ગીંગોડે તૂટી પડે છે; પગે ઈતડીઓ પાર વિનાની છે.



મોતિયો સાચો ચોકીદાર છે. જો કોઈ અજાણ્યું આવે તો જ ભસે છે.

કાળિયો તો જે આવે તેને ભસભસ કરે છે, ને માથું પકવે છે.

★

# ઊતરી ગયેલું ખેતર

આ ખેતર સામે જુઓ.
લાગે છે સાવ ઊતરી ગયેલું?
ભોંમાં લાગે છે જરા યે તેજ?
એમ કેમ બન્યું હશે ભલા?

વરસોવરસ જારની જાર વાવે તે એમ જ થાય ના? એકનું એક જ ધાન વાવે તો ભોં ઊતરી જ જાય.

ત્યારે ન ઊતરે એનું શું કરવું?

ફરતું ફરતું બધું વાવે તો જમીન કાંઈ ન ઊતરે.

ફરતું ફરતું વાવવું એટલે કેમ કરવું?

એટલે એમ કે ત્રણચાર વરસ સુધી એકનું એક વાવેતર ન કરવું, પણ વરસેવરસે જુદું જુદું વાવવું.

ત્યારે ફરીને પાછું ક્યારે વાવવું?

ત્રણ કે ચાર વરસે એનું એ ફરી વાવવું તો જમીન સારી રહેશે ને પાક સારો આવશે.

★

## ઉદ્યોગ અને આળસ

જુઓ ને, આ હામા પટેલનું ખેતર કેવું રૂડું છે?

મોલ કેવો મજાનો લીલોછમ છે?

પવન આવે છે ત્યારે કાંઈ લહેરો લે છે!

ને જુઓ ને, આ શામા પટેલનું ખેતર?

મોલ સાવ પાંખો પાંખો અને સૂકલો છે. પવન આવે છે ત્યારે ખડખડ બોલે છે.

તે એમ જ હોય ના?

હામો પટેલ તો રાતદિવસ મોલ સાચવે છે.



હામો પટેલ કોસે કોસે પાણી પાય છે. હામા પટેલે લીંડકું બી વાવ્યું છે. હામા પટેલે ધરતીને ઊંડી હળી છે.

પણ શામો પટેલ ઘેર પડ્યો રહે છે. શામા પટેલે કોસ માંડ્યો જ નથી. શામા પટેલે બી એવું મોળું જ નાખ્યું છે. શામા પટેલે ઊંડું હળ ખેડ્યું જ નથી.

શું કામ શામા પટેલે આમ કર્યું?

શામો પટેલ આળસુનો જામ છે. શામા પટેલનો કૂવો પડી ગયો છે. શામા પટેલની પાસે સારું બી નથી. શામા પટેલના બળદ મોળા છે.

★

## શેઢે વોંકળો

શવા પટેલના ખેતરને શેઢે વોંકળો છે.

આ વોંકળો એનો દુશ્મન છે.

વરસાદ આવે છે ત્યારે એમાં પાણી આવે છે, ને ખેતરની જમીન ખેંચી જાય છે.

દિવસે દિવસે ખેતર ધોવાતું જાય છે; ને વોંકળો સારી માટીને ઉપાડી જાય છે.

શવો પટેલ એનું કાંઈ કરતો નથી.

કહે છે કે એનું શું થાય?

માધા પટેલના ખેતરમાં ય એવો જ એક વોંકળો હતો.

માધા પટેલે એમાં ચિયા વાવ્યા.

ચિયા ફરતી માટી રોકાઈ ગઈ ને ઢસરડાતી અટકી.

માધા પટેલે મોટો એવો પાળો બાંધ્યો ને પડખેથી નીક કાઢી.

માધા પટેલના ખેતરનો વોંકળો બંધ થઈ ગયો.

શવો પટેલ એમ કરે તો કેવું સારું?

★

## કોઠીએ જાર

ધનો પટેલ ખરી ખેડ કરી જાણે છે.

ધનો પટેલ બરાબર વખતે ખેતર ખેડે છે; નહિ મોડો, નહિ વહેલો.



ધનો પટેલ ખેતર ઊંડું ખેડે છે. બળદ લોંઠકા ને કોશ લાંબી રાખે છે.

ધનો પટેલ બી ઊજળું ને મોટું વાવે છે.

ધનો પટેલ નીંદાવવાની આળસ કરતો નથી; ધનો પટેલ નીંદામણનો ખરચ ખુશીથી કરે છે.

ખેતર નીંદાય એટલે નકામું ઘાસ નીકળી જાય. નકામું ઘાસ ખેતરની ભીનાશ નાહકની ખાઈ જાય છે.

ઊંડું ખેડાય એટલે ભોંમાં ભીનાશ ઠીક રહે. ભીનાશ હોય એટલે મોલ બમણો વધે.

ધનો પટેલ ટોયાનો ખરચ બચાવતો નથી.

પછી ધના પટેલની કોઠીઓ જારે ભરેલી હોય તો શી નવાઈ?

★

# સારો ખેડુ

અમે ખેડૂત છીએ.

અમે ભણેલાગણેલા છીએ.

અમે એક મંડળી કાઢી છે. અમારી એ મંડળીનું નામ 'સારો ખેડુ' એવું રાખ્યું છે.

'સારો ખેડુ' થવું એવો અમારો ઠરાવ છે. સારી ખેતી કેમ થાય તે અમારે જાણવું છે.

અમે સીમમાં ફરશું ને જોશું કે કોણે કોણે સારી ખેતી કરી છે; અમે એને પૂછશું કે સારી ખેતી કેમ કરાય.

અમે ગામમાં ફરશું ને જોશું કે કોને કોને ઘેર સારા બળદ છે. અમે એને પૂછશું કે સારા બળદ કેમ કરાય.

અમે સૌનાં ખેડનાં ઓજારો જોશું ને જાણશું કે કોનાં કોનાં ઓજારો સારાં છે. અમે એને પૂછશું કે ક્યાંથી એણે એ આણ્યાં છે ને કેમ એ વપરાય.



અમે નવી નવી ચોપડીઓ વાંચશું.

તેમાંથી અમે સારી ખેડની રીત શીખશું.

અમે નવાં નવાં ઓજારો લાવશું ને એની અમે અજમાયશ કરશું.

અમે જાતજાતનાં બી વાવશું ને સારાં-નરસાં શોધી કાઢશું.

અમે અમારી ખેતી સારી કરવા નવું નવું ગમે ત્યાંથી લાવશું ને દાખલ કરશું.

[૨]

ભીમો 'સારો ખેડુ' મંડળીનો જણ છે.

ભીમો મારો દીકરો છે.

ભીમાને મેં એક વીઘો જમીન જુદી કાઢી આપી છે.

ભીમે પોતે એને ખેડી છે. હળ ખુતાડી ખુતાડીને એણે ખેડી હતી; મોટાં ઢેફાંનાં ઢેફાં ઉખેડી નાખ્યાં હતાં.

ભીમાએ મોટે દાણે ને મીઠે દાણે જારનું બી નાખ્યું.

ભીમે ખેતરમાં ખડ થવા જ ન દીધું. જેમ થતું ગયું એમ નીંદતો જ ગયો.

જાર એવી ઊગી કે આંખ ઠરીને હીમ થાય.

જારે લોથા એવા મોટા આવ્યા કે બસ!

લોથે લોથે જારના દાણા તો જાણે મોતી પાક્યાં.

ભીમે દિવસરાત ઊભે પગે રખોપું કર્યું.

ભીમાના એક વીઘામાં બે વીઘા જેટલી જાર થઈ.

ભીમો 'સારો ખેડુ' મંડળીનો જણ બરાબર છે.

સારી ખેતી કરી જાણે તો જ એમાં ટકે.

★

## વાડીઓના કોસ

જોયું રઘા પટેલની વાડીનો કોસ ને આ હામા પટેલની વાડીનો કોસ?

રઘા પટેલનો કોસ ક્યાંઈથી તૂટેલો નથી; એક ટીપું ય પાણી હેઠે પડતું નથી.

જરાક ફાટેતૂટે તો રઘો પટેલ તરત જ સંધાવી લે છે.



અને આ હામો પટેલ આળસુનો પીર છે.

કોસમાંથી ભલે અરધું પાણી પાછું પડે! મોચીને ત્યાં જઈને ટાંકોટેભો કરાવી લેવો એ એને માથાનો ઘા!

એમ નથી ખબર પડતી કે બળદને એટલા ને એટલા જ ફેરા થાય; એટલું ને એટલુ જ જોતરાવું પડે! હામાને ય દી બધો કોસ તો કાઢવો જ પડે છે, પણ વાડીમાં પાણી ત્યારે અરધું પવાય. હામા પટેલને કોણ કહે? એમ હામો કાંઈ છોકરું નથી કે ઘરડો ડોસો નથી; મોટી જુવાનજોધ છે. પણ પંડમાં આળસે ઘર કર્યું છે તે નીકળે ત્યારે ન?

જુવો ને, પાસે પાસે જ બેઉની વાડીઓ છે: રઘાની અને હામાની.

રઘાની વાડી લીલી કુંજાર છે, ને હામાની વાડી કેટલી બધી લંઘાઈ ગઈ છે!

એ તો પૂરતું પાણી પહોંચે તો મોલ વધે.

★

## ડાહ્યો પટેલ

ગોવો પટેલ ઘણો ડાહ્યો માણસ છે; ને એનું ડહાપણ એને ફળે પણ છે.

એની કોઠીઓ જારે ફાટી જાય છે.

એના બળદ કેવા મજાના ધીંગા છે?

એનાં છોકરાં પણ ઘફડિયાં છે.

કારણ કે ગોવો પટેલ ડાહ્યો માણસ છે.

ગોવો પટેલ એટલા માટે ડાહ્યો છે કે એણે ખેતરની પાસે એક ખાડ ગાળી છે.

ખાડમાં એ ખાતર ભરે છે.

ઘરનો પૂંજો ખાડમાં નાખે છે; ફળીનું વાસીદું ખાડમાં નાખે છે; ઢોરનાં છાણમૂતર ખાડમાં નાખે છે; આંગણાનો કચરોપૂંજો ય ખાડમાં નાખે છે, ને શેરીનો કૂચો પણ ખાડમાં જ નાખે છે.

ખાડ ઊંડી ને લાંબી ખોદેલી છે.

ખાડની ફરતી કડબની વાડ કરેલી છે.

ખાડની ઉપર આડાં પાટિયાં મૂકેલાં છે.



પાટિયાં ઉપર બેસીને નાનાંમોટાં સૌ ઝાડે જાય છે. એ પણ ખાતર ભેગું ખાતર. વિષ્ટાનું ખાતર તો સોનાનું ખાતર કહેવાય છે.

ખાડ ભરાઈ જાય એટલે એની ઉપર ધૂળ વાળી દે છે.

બરાબર ખેતર ખેડાઈ જાય ને વરસાદટાણી આવે કે ખાડ ઉઘાડે છે.

ખાડનું ખાતર કઢાતું જાય અને ખેતરની અંદર પુરાતું જાય. આખું ખેતર ખાતર ખાતર થઈ જાય છે.

પછી વરસાદ વરસે ને ખાતર જમીનભેગું થઈ જાય.

એવું રૂડું ખાતર, અને એમાં રૂડાં બી નાખે; પછી એ કેવું સારું ઊગે?

પછી પાક કેવો રૂડો આવે?

પછી ગોવા પટેલની કોઠીએ જાર ભરી જ હોય ના?

પછી ગોવા પટેલની ગાયોભેંશો પોઢી જ હોય ના?

પછી ગોવા પટેલનાં છોકરાં ઘરડાં હોય જ ના? પછી ગોવા પટેલની પેટીમાં પૈસા હોય જ ના? પછી ગોવા પટેલ ડાહ્યો માણસ કેમ નહિ?

★

## તમારા ગામમાં

તમારા ગામમાં ખોરડાં કેટલાં?
તમારા ગામમાં કૂવા કેટલા?
તમારા ગામમાં વાવ કેટલી?
તમારા ગામમાં તળાવ કેટલાં?
તમારા ગામમાં ચોરા કેટલા?
તમારા ગામમાં હાટ કેટલાં?
તમારા ગામમાં મંદિર કેટલાં?
તમારા ગામમાં નિશાળ કેટલી?
તમારા ગામમાં દવાખાના કેટલાં?
તમારા ગામમાં ટપાલ-ઓફિસ કેટલી?
તમારા ગામમાં ચાની હોટેલ કેટલી?

★



## તમારા ગામમાં

તમારા ગામની વસ્તી કેટલી?
તમારા ગામમાં પુરુષો કેટલા?
તમારા ગામમાં સ્ત્રીઓ કેટલી?
તમારા ગામમાં બાળકો કેટલાં?
તમારા ગામમાં ઢોર કેટલાં?
તમારા ગામમાં બળદ કેટલા?
તમારા ગામમાં ગાયો કેટલી?
તમારા ગામમાં ભેંશો કેટલી?
તમારા ગામમાં પાડા કેટલા?
તમારા ગામમાં ગાડર કેટલાં?
તમારા ગામમાં બકરાં કેટલાં?
તમારા ગામમાં ઘોડાં કેટલાં?
તમારા ગામમાં ગધેડાં કેટલાં?
તમારા ગામની વસ્તી કેટલી?

★

## તમારા ગામમાં

તમારા ગામમાં માણસ કેટલાં ?
કેટલાં માણસ ભણેલાં હશે ?
કેટલાં માણસ અભણ હશે ?
તમારા ગામમાં નિશાળ છે ?
કેટલાં છોકરાં ભણવા જાય છે ?
કેટલાં છોકરાં નથી ભણતાં ?
શું કામ છોકરાં નથી ભણતાં ?
તમારા ગામમાં રાત્રિશાળા છે ?
કેટલાં જણાં ભણવા જાય છે ?
બધાં જણાં કેમ નથી જતાં ?
તમારા ગામમાં પાઠશાળા છે ?
કેટલા બ્રાહ્મણ ભણવા જાય છે ?
તમારા ગામમાં અક્ષરશાળા છે ?
કેટલાં જણાં ભણી ગયાં છે ?
કેટલાં જણાં એમાં ભણે છે ?

★



## તમારા ગામમાં

| | |
|---|---|
| કેટલાં આંધળાં ? | કેટલાં બેરાં ? |
| કેટલાં લૂલાં ? | કેટલાં કોઢિયાં ? |
| કેટલાં લંગડાં ? | કેટલાં પતિયાં ? |
| કેટલાં ઠૂંઠાં ? | કેટલાં ખસલાં ? |
| કેટલાં બાડાં ? | કેટલાં માંદલાં ? |
| કેટલાં બોબડાં ? | કેટલાં પેટાળ ? |

★

## ભણતરનો ફાયદો

મારું નામ સંતોક છે.
હું નાનપણમાં ભણેલી નહિ.
અમે ગામડામાં રહેતાં.
ત્યાં નિશાળ જ ન હતી.
પરણીને શહેરમાં આવી.

શહેરમાં દળણુંપાણી કરું છું અને પાંચ રૂપિયા કમાઉં છું.

હમણાં તારાબેનનું કામ કરું છું : સંજવારી, વાસણ ને કપડાં ધોવાનાં.

મહિને આઠ રૂપિયા મળે છે.

તારાબેન કહે : "સંતોક! તારે ભણવું છે?"

મેં કહ્યું : "બા! ભણીને શું કરવું છે?"

તારાબેન કહે : "ભણીશ તો મારું કામ સારું કરીશ; મારું કામ સમજીને કરીશ. મારું કામ સારું થશે ને તારો પગાર વધશે. આપણને બેઉને ફાયદો થશે."

મેં કહ્યું : "ભણાવો."

તારાબેન ભણવવા માંડ્યાં.

દોઢ મહિનામાં શીખવી દીધું.

તારાબેનની દવાની શીશીઓ ઉપર નામ છે અને રસોડામાં મશાલાના ડબ્બા ઉપર નામ છે. નામ વાંચીને ડબ્બા–શીશીઓ ગોઠવું છું.

તારાબેન હાફીસમાંથી ચિઠ્ઠી લખે છે તે હું વાંચું છું.

જે કાંઈ મગાવે તે મોકલી દઉં છું.



તારાબેન પરગામ જાય ત્યારે મારા ઉપર કાગળ લખે છે.

કાગળ વાંચી અગાઉથી હું બધું તૈયાર રાખું છું. ઘર વાળી રાખું છું; બાવાં પાડી રાખું છું; ગાદલાંગોદડાં તડકે નાખું છું; દૂધ લઈ રાખું છું; શાક મગાવી રાખું છું.

તારાબેને મને વાંચતાં શીખવ્યું છે.

એનો મોટો પાડ કે એણે મને ભણાવી.

★

## કહો જોઈએ?

મજાની ચોપડી વાંચવી ઠીક કે કોઈની ચોવટ ડોળવી ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે ગામગપાટા હાંકવા ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે જેનીતેની ખોદણી કરવી ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે હોકાકસૂંબા પીવા ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે ભાંડભવાયા જોવા ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે જેનીતેની ઠેકડી કરવી ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે બેઠાં બેઠાં બીડી તાણવી ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે ગાળાગાળી ને કજિયા કરવા ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે નાટકચેટક જોવા જવું ઠીક?

મજાની ચોપડી વાંચવી ઠીક કે ચોપાટ ને ગંજીપો કૂટવાં ઠીક?

★



# ગામની નિશાળ

દિનુભાઈ અમારી શાળાના શિક્ષક છે.

આજથી વરસ દહાડા ઉપર ક્યાંકથી એ ભાઇઓ આવ્યા, ને કહ્યું: "અમારે તમારા ગામમાં નિશાળ કાઢવી છે. તમે અમને સાથ આપશો?"

અમે કહ્યું: "ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય! અમારે ગામ નિશાળ ક્યાંથી? તમે જે કહો તે સાથ આપીએ. તમે તમારે ખુશીથી નિશાળ લાવો."

ચૈત્ર શુદ બીજને દિવસે અમારા ગામે નિશાળ ઊઘડી.

ગાજતેવાજતે દિનુભાઈનું અમે સામૈયું કર્યું. ગામની સહુ વહુદીકરીઓએ દિનુભાઈને ચોખલીએ વધાવી લીધા; અને નિશાળિયાઓએ નિશાળને ભરી દીધી.

સરસ્વતી અને ગણપતિને પાટે બેસાર્યાં. દિનુભાઈએ મોપાટ લેવરાવી, ઢોલીએ ઢોલ

વગાડયો અને પરેલે ગોળધાણા વહેંચાવ્યા.

ગામ આખાએ ઘરેઘરે તોરણ બાંધ્યાં અને અણોજે પાળ્યો. રાતે સૌએ ભેળા મળી રાસડા ને ગરીબીઓ લીધી.

એ દિવસે ગામે સોનાનો સૂરજ હતો.

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા ને દિનુભાઈની નિશાળ વધવા લાગી. છોકરાઓ અને છોકરીઓ તો ક્યાંઈ માય નહિ; નાનું મકાન ને ભણનારાં ઘણાં.

ગામ બધું ભેળું થયું ને પડતર જમીન ઉપર નિશાળનું મકાન ચણાવ્યું. આખા ગામે મદદ કરી. કોઈએ પાયા ખોદ્યા, કોઈએ ધૂળ ને પથ્થર આણ્યાં, કોઈએ ચણી દીધું. થોડોક માળણનો ખરચ થયો; પણ તે પણ ઘરદીઠનો ફાળો કરીને મેળવી લીધો. મંદિર જેવી નવી નિશાળ ગામને પાદર શોભી રહી. પછી તો દિનુભાઈએ માંડયું ભણાવવા. એણે પ્રતિજ્ઞા જ લીધી કે આખા ગામમાં જીવતું માણસ અભણ



રહેવા ન પામે. એંશી વરસના ડોસાડગરાને ય વાંચતાંલખતાં તો આવડવું જ જોઈએ.

દિનુભાઈએ નિશાળના ત્રણ ભાગ પાડયા. એક સવારની નિશાળ; એનું નામ ક્રીડાંગણ. એક બપોરની નિશાળ; એનું નામ મોટી નિશાળ. એક રાતની નિશાળ; એનું નામ અક્ષરશાળા.

ક્રીડાંગણમાં નાનાં સાત સાત વરસ સુધીનાં છોકરાં જાય. દિનુભાઈ ઝાલર વગાડે એટલે છોકરાં ઘરમાંથી દોડી નીકળે. પહેલાં બધાં નિશાળને ઓટલે ભેગાં થાય; ત્યાંથી પછી નદીએ જાય.

બધાં ગાતાં ગાતાં ને રમતાં રમતાં જાય. નદીએ દિનુભાઈ છોકરાંને દાતણ કરાવે; ખૂબ ખૂબ દાંત ઘસાવે, કોગળા કરાવે, આંખો ધોવરાવે ને હાથપગ ધોવરાવે.

પહેલાં તો છોકરાં દાતણનું નામે ને'તાં કરતાં. પણ દિનુભાઈએ એકેએકને દાતણ કરતાં કરી દીધાં. છોકરાંઓના દાંત કાંઈ ઊજળા થયા છે! રૂપાળા ધોળા દૂધ જેવા થયા છે.

દાતણ કરાવીને દિનુભાઈ છોકરાંને વાતો

કહે. રેતીમાં પોતે બેસે ને ફરતાં છોકરાં બેસે.

કોઈ નાની નાની વાર્તા કહે ને છોકરાંને હસાવે. વાર્તા છોકરાં તો સાંભળે, પણ જતાંવળતાં અમે પણ સાંભળીએ. દિનુભાઈની વાર્તા કહેવાની રીત બહુ સારી છે.

વાર્તા કહીને દિનુભાઈ છોકરાંને ગીતો ગવરાવે. દિનુભાઈ ગીતો ગાય ને છોકરાં સાંભળી સાંભળીને બોલે. મહીંમહીંથી એવાં ગીત ગાય કે છોકરાં નાચવા ને કૂદવા માંડે. દિનુભાઈ છે શહેરના પણ ગામડાનાં ગીતો ય જાણે છે ખરા! એમ તો દિનુભાઈ પોતે ભલે શહેરના રહ્યા, પણ ગામડાની વાતવગત જાણવાવાળા. બધા સાથે કેમ ભળવુંહળવું, લીંબુના પાણી જેમ મળી જવું, બધું દિનુભાઈને આવડે. અને એવા હોય ત્યારે જ છોકરાં જેમ દોરે તેમ દોરાય ના?

છોકરાંને ગવડાવીને દિનુભાઈ એને રમતો રમાડે. ખોખો ને હુતુતુ ને એવી આપણી દેશી રમતો રમવાની છોકરાંને ભારે મજા પડે.

પછી તો સરઘસ કાઢી દિનુભાઈ છોકરાંને



ગામમાં ફેરવે ગામનાં એકેએક નાનાં છોકરાં ગાતાં ગાતાં નીકળે ત્યારે બહુ સારું દેખાય છે. રોજ ને રોજ છોકરાં નીકળે છે તો ય રોજ ને રોજ એને જોવા માટે સહુ બહાર નીકળે છે.

સરઘસ ચોરા આગળ પહોંચી વીંખાઈ જાય. છોકરાં સહુ શિરાવવા જાય અને દિનુભાઈ પોતાને ઘેર જાય.

પછી કલાકેક પછી મોટી નિશાળનો ઘંટ વાગે. નિશાળિયા બધા પાટીદફતર લઈને નિશાળ ભેળા થઈ જાય. ગામના પટેલે એવો બંધો કર્યો છે કે ભણ્યા જેવડા એકેએક છોકરાએ ને એકેએક છોકરીએ નિશાળે જવું જોઈએ; ન જાય એની પટેલ હાજરી લે.

ગામના પટેલને નિશાળને માટે બહુ છે. દિ'માં ત્રણ આંટા ત્યાં જઈ આવે અને દિનુભાઈને પૂછી આવે: "કાં, કાંઈ જો'તું કારવતું? કાં, કાંઈ કે'વાનું છે?"

નિશાળે આવીને છોકરાંઓ નિશાળ વાળી નાખે. સાવરણીઓ લઈને જે બધાં મંડી પડે તે

સરડ સરડ ઓરડા, ઓશરી અને ફળિયું ચોખ્ખાં ચણક કરી મૂકે. ત્યાં તો બીજાં છોકરાં આકડાનાં ફૂલ અને લીમડાની ને પીપરની ડાળો લાવે, ને જ્યાં ત્યાં ખોસી દઈ નિશાળને શણગારી મૂકે. છોકરાં રોજ ને રોજ નિશાળને શણગારે : આજ આવળથી, કાલે લીમડાથી તો પરમ દહાડે આકડા ને કણઝરીથી. અમારી સીમમાં શણગારનો કયાં તોટો છે?

વળાઈ ને ચોખ્ખું થયું, શણગાર-શોભા થઈ ગઈ, એટલે છોકરાં હાથમાં ધોઈ નાખશે. આ બધું છોકરાં મેળે જ કરવાનાં. દિનુભાઈ બધું જોયા કરે ને ભૂલ પડે તો બતાવે.

પછી છોકરાં બેસી જાય ને પ્રાર્થના ચાલે. દિનુભાઈ પ્રાર્થના બોલે એટલે બધાં એકીસાથે ધીરેધીરે બોલે. પ્રાર્થના વખતે નિશાળમાં ધૂપ સળગે છે ને ઘીનો દીવો બળે છે. નિશાળ એટલે ઠાકરમંદિર જેવું થઈ જાય છે.

પછી દિનુભાઈ ને છોકરાં મંજીરાં લે. એક જણ ઢોલકી લે અને ગાવા માંડે. એક, બે, ત્રણ,



ચાર : જેટલાં ગમે તેટલાં ગીતો ગાય. મહીંમહીં સ્વદેશીનાં ને ખાદીનાં ને એવાં ગીતો ય ગાય. મહીંમહીં દાણલીલાનાં ને મા'રાજનાં ય ગવાય. બધી ય જાતનાં ગીતો ગવાય.

છોકરાંને કાંઈ ગીતો આવડયાં છે! વગર ગોખાવ્યે ને ધાંશપરોણો કર્યા વગર કોણ જાણે કેમ સૌને હૈયે રહી જાય છે. નવરાં પડે ત્યારે છોકરાં ગીતો લવ્યા જ કરે છે. દિનુભાઈની ભણાવવાની કાંઈક રીત જ એવી છે.

ગીતો થઈ રહે એટલે છોકરાં ગરબી લે, દાંડિયારાસ લે, રાસડા લે. છોકરા-છોકરીઓ સૌ ભેળાં જ લે. વળી છોકરીઓને રાસડા વધારે આવડે એટલે એ રાસડા નોખા લે, તો છોકરા દાંડિયારાસ નોખા લે. બધું ભેળું જ લેવું જોઈએ એવું નહિ. ઘડીક ભેળાં અને ઘડીક નોખાં.

અમારે ગામડામાં કાંઈ શહેર જેવું નહિ કે છોકરી-છોકરાને નોખાં રાખવાં ને નોખાં ભણાવવાં. અમારે તો પહેલેથી સૌ ભેળાં મળીને જ કામ-કાજ કરે; અમારે એનું કાંઈ નહિ.

રાસડા થઈ જાય એટલે છોકરાં ભણવા બેસી જાય. દિનુભાઈ એકલા ને છોકરાં ઘણાં બધાં. મારે નહિ, કૂટે નહિ, ડારો દે નહિ, તો યે માળાં છોકરાં એવાં સૂતરવાં ચાલે કે વાત કરો મા! જેને જે ગમે તે કરવા બેસી જાય. કોઈ ચોપડી વાંચે, કોઈ લખે, કોઈ દાખલા કરે, કોઈ કચૂકા ગણે, કોઈ ચીતર કાઢે તો કોઈ વળી માટીનાં રમકડાં કરે. જેને જે ગમે તે કરે. છોકરાં બેઠાં-બેઠાં કામ કરે ને દિનુભાઈ વચ્ચે ફર્યા કરે. જેને કાંઈ પૂછવું હોય તે ઊઠીને પૂછવા આવે એટલે દિનુભાઈ એને સમજાવે. દિનુભાઈ એકલા પણ છોકરાં પાર વિનાનાં; એક પછી એક દિનુભાઈ ને પૂછવા આવ્યા જ કરે.

દિનુભાઈની નિશાળ બીજી નિશાળ જેવી નથી. બીજી નિશાળમાં તો છોકરાંને હારબંધ બેસારે ને મોપાટ લેવરાવ્યા કરે. કાં તો પાટીમાં આંક લખાવ્યા જ કરે, ને મહેતાજી લોટ માગવા જાય કે બીડી વાળવા બેસે. દિનુભાઈ તો પોતે જ હોંશીલા છે. એને અમારે ત્યાં મૂકનાર પણ હોંશીલા છે. અને હવે તો ગામને દિનુભાઈનો



રંગ લાગ્યો છે.

પહેલાં તો ગામને થતું કે માર્યા વિના તે છોકરાં ભણતાં હશે? પણ દિનુભાઈએ બતાવી દીધું કે માર્યા વિના છોકરાં ભણે તો ખરાં, પણ ગણે ય ખરાં. માર્યા વિના તો છોકરાં ઊલટાનાં ડાહ્યાં ને કહ્યાગરાં થાય, અને મારથી તો કેવળ નીંભરાં થઈ જાય.

આવી રીતે રોંઢા સુધી ભણતર ચાલે. પછી છોકરાં રોંઢા કરવા છૂટે. રોંઢા કરી આવે એટલે દિનુભાઈ સાંજે લઈ ને સીમમાં ઊપડે. દિનુભાઈનું ભણતર એકલું ચોપડીનું નહિ. એના ભણતર ભેળું સીમનું ભણતર પણ ખરું.

છોકરાં દિનુભાઈ સાથે સીમમાં ફરે. નવાં નવાં ઝાડ ને છોડ જુવે, પંખી ને જીવાત જુવે; ભાત-ભાતનાં ખડ જુવે. અમારાં ગામડાનાં છોકરાંએ બધું ભાળેલું તો હોય પણ એ વિષે બહુ ઊંડું ન જાણે. દિનુભાઈ તો ચોપડીઓ વાંચે એટલે એમાંથી છોકરાંને બધું ય સમજાવે. આ પંખી આપણે કામનું, આ નકામું; આ ઘાસનો આમ

ઉપયોગ થાય; આ ફૂલમાંથી આ દવા બને. એવું બધું છોકરાંને શીખવે. રખડતાં રખડતાં ભણતર ભારે પણ ન પડે, ને કેટલું ય આવડી જાય.

દિનુભાઈને છોકરાં મળ્યાં ને છોકરાંને દિનુભાઈ મળ્યા, પછી પૂછવું જ શું? સાંજે આરતીવેળાએ બધાં સીમમાંથી પાછાં આવે.

આ તો થઈ રોજની વાત. વારતહેવારે કે આઠપંદર દિવસે દિનુભાઈ મુસાફરી કાઢે. કાં તો કોઈ વાડીએ, કાં તો કોઈ ડુંગરે કે કાં તો વાવે દિનુભાઈ છોકરાંને ઉપાડે. સૌ પોતાને ત્યાંથી ભાતાં–રોટલા ને શાક કે જે હોય તે લેતાં આવે ને ઊપડે. સીમમાં ભમતાંભમતાં ને કૂદતાં ને ગાતાં ને ઠેકડા મારતાં ને ઊલળતાં છોકરા-છોકરીઓ વાવે કે તળાવે કે જ્યાં જવું હોય ત્યાં જાય. ત્યાં જઈ ના'ય, પાણીમાં તરે, ઝાડે ચડે, પંખીઓ પાછળ દોડે, જાતજાતનાં ફૂલો ભેગાં કરે, પતંગિયાં પકડીને ઉડાડી મૂકે, પતંગિયાં બનાવવા માટે ઈયળો એકઠી કરે, રમતો રમે ને મજા મજા કરે. પછી સૌ પોતપોતાનાં ભાતાં ભેળાં બેસીને ખાય ને કિલ્લોલ કરે.



છોકરાં કાંઈ રાજી થાય, કાંઈ રાજી થાય! ને દિનુભાઈ ઉપર તો છોકરાં કાંઈનાં કાંઈ થઈ જાય! 'દિનુભાઈ, દિનુભાઈ!' ગળામાંથી સુકાય જ નહિ.

પછી સૌ ઘેર આવે ને સૂઈ જાય. દિનુભાઈ દિ'યે કામ કરે ને પાછા રાતે ય કામ કરે. વાળુ કરી દિનુભાઈ ચોરે આવે. ચોરામાં અક્ષરશાળા ચાલે. ગામ આખું ભણવા આવે. દિનુભાઈ એકલાથી શી રીતે પહોંચાય? દિનુભાઈએ પહેલાં પાંચ માણસોને ભણાવી કાઢ્યા; એ પાંચ જણા હવે દિનુભાઈ જેવા શિક્ષક થયા છે. એવી જ રીતે બીજા પાંચ જણા ભણેલા વાણિયામાંથી નીકળ્યા. આ દસબાર શિક્ષકો ને દિનુભાઈ, એમ બધા ભણાવવા બેસી જાય છે. એક એક શિક્ષક; એક એક બત્તી ને એક એક ભણનારનું કૂંડાળું. પંચાશી વરસના રામાભાઈ અને ત્રીશ વરસના મકન ને હામો, બધા ય બેઠાબેઠા ભણે છે.

અમારા ગામનો ઉમંગ પણ જબરો છે. ગમે તેવા થાક્યા હોય પણ સૌ ભણવા તો આવવાના જ. કોઈ ન આવે તો પટેલ તપાસ કરે ને તેડી

આવે. અમારા પટેલ લાખેણું માણસ છે. એક દિનુભાઈ અને બીજા પટેલ; બે ભેળા થયા કે બાકી કાંઈ રહે જ નહિ.

ને બધા ભણવા બેઠા તે બેઠા. પછી કોઈ ઝટ ઊઠે કે કારવે. અગિયાર, સાડા અગિયાર, ને મહીંમહીંથી બાર સુધી ચાલે.

પહેલાં લોકને એમ હતું કે પાકે કાંઠા તે ચડશે ? પણ કાંઠા કે દિ'ના ચડી યે ગયા અને કેટલા ય જણ ચોપડીઓ અને છાપાં વાંચવા પણ લાગ્યા.

બીજાની શીદ ને વાત ? આ હું જ કાળા અક્ષરને કૂટી મારે એવો હતો, પણ હવે જે હાથમાં લઉં છું એ ઊકલે છે. જેમ આંધળો દેખતો થાય એવું મારું થયું છે, અને મને વાંચવામાં ભારે મજા પડે છે. નવું નવું રોજ જાણવાનું. એ તો ભણ્યા પછી ખબર પડે છે કે ભણવાથી શો લાભ છે. સાકર ખાય એને ખબર પડે કે કેવી ગળી લાગે છે.

મોડી રાતે સૌ વીંખાઈ ને ઘેર જાય. કોઈ



દિ' વળી રાસડા કે રાસ થઈ જાય તે બાર વાગ્યા સુધી ત્રમઝટ બોલે. બાકી એમાં ય દિનુભાઈ અમારી ભેગા ભળી જાય. દિનુભાઈ નકરા શિક્ષક નથી; એ તો બધું ય છે. અમારા અંદર અંદરના વાંધા પતાવે, ઘરમાં સંપ રખાવે, વહેંચણ કરવી હોય તો કરાવી દે, કાંઈ લખવુંભૂંસવું હોય તો લખી ભૂંસી દે, અમને સાચી સલાહ આપે, ને સૌને સવળે મારગે દોરે.

અમારાં પૂરાં ભાગ્ય કે અમને દિનુભાઈ મળ્યા. પણ બહુદીકરીઓનાં પણ પૂરાં ભાગ્ય કે એને જયાબેન મળ્યાં છે. જયાબેન દિનુભાઈનાં ઘરવાળાં. એ બાઈ પણ લાખ રૂપિયાનાં. અમારી બેનદીકરીઓને બપોરેબપોરે જયાબેન ભણાવે છે. એની નિશાળ વળી જયાબેનના ઘરમાં. ગામની કેટલી યે બેનો ભણી ઊતરી છે, અને જયાબેને એને ભરતાં શીખવ્યું છે. ઘરમાં સાફસૂફ કેમ રખાય, છોકરાં કેમ રખાય, બધું ય શીખવ્યું છે. એ પણ લીંબુના પાણી જેમ બેનોમાં ભળી ગયાં છે. નહિતર એ શહેરનાં ને આપણે ગામડાનાં; પણ એને મનમાં એવું જરા યે નહિ. એક ઘરમાં

બન્ને જણાં ભલાં. બન્નેને એમ કે ગામનું સારું થાય તો સારું.

અમારા ગામનાં ખરેખર નસીબ ઊઘડી ગયાં છે. અમે તો ભગવાનની પાસે એમ માગીએ છીએ કે દિનુભાઈ ને જયાબેન ઘણું જીવે, ને અમારાં છોકરાંનાં છોકરાં ને એનાં ય છોકરાંને ભણાવે.